શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૨૪
અંક : ૪

## ખેતિ પદ્ધતિઓ

મંડાળા, કરમાળ, કાયાવરોહણ અને પારીખા (ડભોઈ)ના ગામોમાં છેલ્લા ૬ મહિનામાં આ ૫ વાર જવાનું બન્યું. ખેડુતો સાથે તેના પ્રશ્નો સમજવા અને નિરાકરણની તેમની પ્રક્રિયાઓ જોવાનો જે મોકો મળ્યો હતો તેમાં અમરેલી–ગીર સોમનાથના ખેડુતો સાથે ૨૫ વર્ષથી સંકળાયેલ વચ્ચે વલસાડ જીલ્લાના ધરમપુરના ૪૫ ગામના ખેડુતો સાથે તેમના સંગઠનો રચવા, નોંધણી કરાવવી અને તેના સંચાલનની પ્રક્રિયાઓમાં ભાગીદાર બન્યો હતો.

અહીં ૭૦ ફુટે પાણી છે અને લગભગ બધા ખેડુતો ૨૫ હોર્સ પાવરની મોટરો કુવા અને બોરવેલમાં ચલાવે છે. દિવેલા અને કપાસ મુખ્યત્વે પાક લે છે અને રેળ પિયત પદ્ધતિ અપનાવે છે.

જમીનની ફળદ્રુપતા જાળવી રાખવા સેન્દ્રીય ખાતરના પ્રમોશનના પ્રયાસોમાં પણ પશુપાલન ઘટવાના કારણે છાણ આધારીત ખાતરો બનાવવા તેના માટે મુશ્કેલ છે. તેમ છતાં ઘણા ખેડુતોએ વેચાતુ ખાતર/છાણ મેળવી પ્રોજેક્ટ દ્વારા અપાયેલ તાલીમના આધારે ખાતર બનાવવાનું શરૂ કરેલ છે.

રાસાયણીક ખાતરો અને રાસાયણીક જંતુનાશકોથી ટેવાયેલ ખેડુતો વધતા જતા ખાતર/દવાના ભાવોનો પણ ઉકેલ મેળવવા મથી રહયા છે. આ પ્રકારના પ્રયોગ ખેડુતોમાં ખાતર વપરાશના સંદર્ભે સમજ બનાવે છે.

કોટન કનેકટ અને હરિરાજ સંસ્થાના સહયોગથી આ વિસ્તારમાં ‘રીલ માર્કસ’ પ્રોજેકટ અંતર્ગત થયેલી તાલીમો અને મુલાકાતોથી ખેડુતો સાથે ઓળખાણ બની. હવે ગામે જઈએ એટલે સંપર્કમાં આવેલા ખેડુતો નામથી ઓળખે છે. જેને લઈને ઉપરના બંને મુદ્દાઓ ‘પાણી અને ખાતર’ ને સંબોધવાના પ્રયાસો કર્યા. હકારાત્મક પ્રતિસાદ સાંપડયો છે. ખેડુતો સાથે પાણીને આગામી સમયમાં આ બંને બાબતો ઉપરાંત આ પ્રોજેકટના નવ સિધ્ધાંતો પાળી શકાય તેવુ આયોજન છે.

છેલ્લા અનુભવમાં ખેતીની બાબતો કંઈક અલગ હતી અને તેને સમજવા પ્રયાસ કર્યા. જરખીયા, સુવાગઢ અને કેરીયાના ખેડુતો સાથે બેઠા ત્યારે ત્રણેય વિસ્તારોની સરખામણી કરવાનો મોકો મળ્યો.

— ધીરજ વાગડીયા

**સંજોગો તમારૂં સર્જન કરે તેને બદલે તમે સંજોગોનું સર્જન કરો.**

## શિક્ષણ સહાયતા કેન્દ્ર

વિદ્યાર્થી સામાન્ય કક્ષાનો હોય કે તેજસ્વી તેની ચેતના શકિત કુંઠિત ન રહી જાય તેની ખાત્રી રાખવી જરૂરી છે. શિક્ષણ વિભાગ, સ્વૈચ્છિક સંસ્થાઓ તથા શિક્ષણ માટે ચિંતા સેવનારા તમામએ કુમળી વયનાં બાળકોના વિકાસને પોષે તેવુ વાતાવરણ મળે તેવા પ્રયાસો કર્યા છે. કોરોનાકાળમાં હરિરાજના માધ્યમથી શિક્ષણ સહાયતા કેન્દ્રો બન્યા. ભાષા, ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી, અંગત તેમજ જાહેર સ્વાસ્થ્ય તથા સમાજ ઉપયોગી કાર્યના અનુભવ એ વિષયો પર વધુ ભાર મુકવામા આવ્યો. લેખન, વાંચન, ઉચ્ચારણની નબળાઈઓ દુર કરવા, સર્જનાત્મકતા, કલ્પનાશકિત અને મૌલિકતા વધારવા પ્રયાસો થયા. વ્યાકરણ બોજ રૂપ ન બને પરંતુ શબ્દ અને વાકયના અનુબંધ દ્વારા ભાષા ઉપર કાબૂ વધે, સાદા સરવાળા– બાદબાકી કે ગુણાકાર– ભાગાકાર જેવી પ્રાથમિક કુશળતા મેળવે, વિદ્યાર્થીઓની સર્જનાત્મક શકિત ખીલે તેવા ચિત્રકામ, સંગીત આદિ વિષયો પર મુકત વાતાવરણ મળી રહે તેવો શિક્ષણ સહાયતા કેન્દ્રોનો હેતુ છે. વાલીઓ પોતાના બાળકોના શિક્ષણ પ્રત્યે સંવેદનશીલ બને તેની શીખવાની પ્રક્રિયામાં સામેલ થાય તેવા પ્રયાસો કરી રહયા છીએ. ૧૦ સ્વયંસેવકો/લર્નીંગ આસીસ્ટંટ/મેંટર અને ૨૨૧ વિદ્યાર્થીઓ ભણતરના ભાગીદારો બન્યા હતા. જે વર્ષના અંતે એન્ડલાઈન વખતે ૧૭૭ બાળકો ઉપસ્થિત હતા તેની વિગતો નીચે મુજબ છે.

**Centre for learning Assistance**

| Name of Centre | Name of Centre | Students | Baseline | | Midline | | Endline | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | Guj | Math | Guj | Math | Guj | Math |
| Minal Gadhadara | Bherai 1 | 14 | 7 | 14 | 18 | 25 | 40 | 39 |
| Pallavi Gadhadara | Bherai 2 | 20 | 2 | 5 | 15 | 36 | 24 | 44 |
| Rekhaben Vagh | Kovaya | 23 | 22 | 29 | 27 | 33 | 44 | 41 |
| Chakuben Sankhat | Bhankodar 1 | 19 | 6 | 9 | 15 | 19 | 22 | 31 |
| Vanita Bhil | Bhankodar 2 | 15 | 24 | 24 | 26 | 28 | 32 | 32 |
| Asmita Baraiya | Varahswarup | 16 | 8 | 7 | 14 | 7 | 26 | 33 |
| Nensi Gangadiya | Machiyala Mota | 16 | 15 | 20 | 24 | 26 | 34 | 39 |
| Payal Desai | Jashavantgadh | 18 | 18 | 16 | 26 | 29 | 43 | 43 |
| Dharmi Vakatar | Ingorala | 20 | 25 | 20 | 33 | 36 | 41 | 50 |
| Asmita Jiyani | Vandaliya | 16 | 10 | 13 | 16 | 21 | 38 | 43 |
| Total | | 177 | 14 | 16 | 21 | 26 | 34 | 40 |

Average marks of Baseline (July 21), Midline (October 21) and End line (Fab 22)

**બાળકને ઉપદેશ નહી ઉદાહરણ જોઇએ.**

## બાયો રીસોર્સ સેન્ટર

પ્રાકૃતિક કૃષિ પદ્ધતિઓને પ્રોત્સાહન માટે શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર તથા હરિરાજની ટીમ સતત પ્રયાસ કરતી રહે છે. તે માટે ચાલી રહેલા પ્રયોગોમાં તેઓ ખેડુતોની સાથે સતત સંવાદ રચે છે. દેશી બિયારણોની પણ ચર્ચા થાય છે.

ખેડુતોએ અત્યાર સુધી રોગ, જીવાત અને પોષક તત્વો માટે રસાયણોને આધાર બનાવી રાખ્યો છે તેમાં ફેરફાર લાવવો અઘરો છે. સંસ્થાએ પાણી સંગ્રહના કાર્ય તથા પર્યાવરણની જાગૃતિ માટે કાર્યક્રમો વખતે હંમેશા ખેતીની વાતો સાંકળી છે.

કૃષિ વ્યવસાય આધારીત પરીવારો પોતાના જીવન નિર્વાહ ઉપરાંત અન્ય વ્યવસાય વાળા પરિવારોની જેમ બીજી તમામ સગવડો પ્રાપ્ત કરી શકે તો જ પોતાના વ્યવસાયને શ્રેષ્ઠ ગણે અને તો જ યુવાનો પણ કૃષિ વ્યવસાયમાં જોડાઈ રહે.

રાસાયણીક દવા/ખાતરો સાથે વધુ આવકના પ્રયાસોમાં માટી, પર્યાવરણ, બાયોડાયવર્સિટી અને આપણા પોતાના આરોગ્યને નુકસાન પહોંચાડયા બાદ પણ હજુ તે બાબતો આપણે છોડી શકતા નથી કારણ કે તેના વિકલ્પો મેળવવામાં મુશ્કેલીઓ અનુભવીએ છીએ. પહેલા જૈવિક ખેતી સાથે જ ખેડુતોનું જીવન હતું.

જૈવિક ખેતી તરફ વળવામાં જે પડકારોનો સામનો કરવો પડે છે તે એ છે કે... ૧) ખેડુત પરીવારોમાં પશુપાલન ઓછુ થયુ છે જેથી જૈવિક રીતે પોષક તત્વો માટીમાં જાળવવા મુશ્કેલ. ૨) ખેડુતોને ડર લાગે છે કે નવા પ્રયોગ કરીશું તો ઉત્પાદન ઘટશે. ૩) પ્રાકૃતિક ખેતી દ્વારા લેવાયેલ કોઈ પણ પાકના બજાર ભાવ લગભગ સરખા છે જેથી ઉત્પાદનની ઘટ ખેડુતની આવક ઘટાડે તેવી આશંકા. ૪) આ પ્રકારે ખેતી કરવામાં મહેનત વધુ થાય તેવુ માનવામાં આવે છે. જૈવિક દવા અને ખાતરો બનાવવા પડે. બજારમાં મળે તેની વિશ્વસનિયતા નથી.

નેચરલ કોલીસન ફોર નેચરલ ફાર્મીંગ (એનસીએનએફ) નામે પ્રાકૃતિક ખેતી માટે એક નેટવર્ક અસ્તિત્વમાં છે. ખેતી સાથે સંકળાયેલ સંગઠનો પૈકી જેમને પ્રાકૃતિક ખેતિમાં રસ છે તેવા ૯૨૭ સંગઠનો જોડાયા છે. ગુજરાતમાં ૪૦ જેટલી સંસ્થા જોડાયેલ છે. આ નેટવર્ક દ્વારા ઈન્દોર કાર્યશાળામાં ૩ બહેનો જોડાયા અને જૈવિક તત્વોની જાળવણી કરતા શીખ્યા.

આણંદ ખાતે કૃષિ યુનિવર્સીટીમાં યોજાયેલ એક કાર્યશાળામાં ત્રણ ભાઈઓ જોડાયા. તેઓને પણ યુનિવર્સિટીના નિષ્ણાંતોએ તાલીમ આપી. આજના સમયમાં ખેતીની અંદર કઈ રીતે વધુ ઉત્પાદન લેવુ અને ઓછા ખર્ચે ઓર્ગેનીક ખેતી કેવી રીતે કરવી તે સમજાવ્યુ. વધુ ખર્ચના કારણે વર્ષે ૧૨ લાખ ખેડુતો ખેતી છોડે છે. જેના કારણે યોગ્ય કૃષિ તાલીમો કરવી જરૂરી લાગી છે. ખેતીનો વિકાસ, ખેડ બાબતે, ખેતી પદ્ધતિઓ તેમજ બેકટેરીયા અને જીવાણુની માહિતી મળી.

આ તાલીમ દ્વારા જૈવિક નિયંત્રણ માટેના જે ઉપાયો શીખ્યા, બાયો રીસોર્સ સેન્ટરના સ્વરૂપે તેનાં અમલ માટે ટીમમાં વિચાર મુકવામાં આવ્યો છે. સંસ્થાના કાર્યક્ષેત્રોમાં ૫ જગ્યાએ બાયો રિસોર્સ સેન્ટર ઉભા કરવા વિચારેલ છે.

– બાલુભાઈ નાગર

**સદ્‌ગુણો વિના સુંદરતા અભિશાપ છે.**

**જમીન માવજત**

મોટા ભાગે હું મગફળી અને અન્ય ખાદ્ય પાકોનું વાવેતર કરૂ છુ. જેમાં મેં ગયા વર્ષે મગફળીનું વાવેતર કરેલુ હતું. લગભગ ૮ થી ૧૦ વર્ષ પહેલા DAP અને યુરીયા ખાતરનો ઉપયોગ કરતો અને હાલ એરંડીના ખોળ અને મગફળી ખોળ સાથેં અમરેલી KVK માંથી અમુક ખાસ પાવડર લાવીને તેમાં ભેળવીને ખાતર તૈયાર કરૂ છુ. DAP ની કિંમત ૧૪૦૦ આસપાસ છે. જયારે હું એરંડીના ખોળમાંથી ખાતર બનાવુ ત્યારે ૫૦ કિલો બેગ ૪૦૦ રૂપિયાની આવે છે અને અલગ અલગ પાવડર ૩૦૦ ના કુલ મળીને મારે ખાતર ઘરે બનાવતા ૭૦૦ રૂપિયા ખર્ચ લાગે છે.

ઉપરાંત વિવિધ વનસ્પતિ પાનને હું મોટા ૨૦૦ લીટર બેરલમાં ૨ દિવસ સુધી રાખી મોટી પિતળની ગોળીમાં પાણી સાથે ઉકાળુ છું. ઉકાળ્યા બાદ તેની વરાળને એકત્ર કરી શકાય તેવી પદ્ધતિ મેં વિકસાવી છે. જેનાથી અર્ક બની શકે અને પાકમાં જયારે રોગ જીવાત જણાય ત્યારે હું ઉપયોગ કરૂ છું.

ગત મહીને ઓર્ગેનિક સર્ટીફીકેટ પણ મેં મેળવ્યું છે અને મારા ઉત્પાદનોની માંગ છે અને તે હું આ ઉત્પાદનોના ભાવ બજાર ભાવને ધ્યાનમાં રાખી નક્કી કરૂ છું અને સારા ભાવેથી તે હું વેચાણ કરૂ છું.

– નરેશભાઈ રાદડિયા, ઈંગોરાળા (ખાંભા)



**સહનશીલતા સદગુણોનો આધારસ્તંભ છે.**

## જેન્ડર ઇક્વીટેબલ બોયસ

જેન્ડર ઇક્વીટેબલ બોયસ એટલે કે લિંગ સમાન છોકરાઓ. આ પ્રોગ્રામનો મુખ્ય સિધ્ધાંત લિંગભાવ આધારિત હિંસા સાથે જોડાયેલ ભેદભાવ પૂર્ણ સામાજિક માપદંડોને પડકાર દેવા માટે છે. ૧૩ થી ૧૭ વર્ષના છોકરાઓના કૌશલ્ય અને જ્ઞાનમાં વધારો થાય, તેને સક્ષમ બનાવવા માટે વાતાવરણ બને અને વ્યવહારમાં બદલાવ આવે. એમના મિત્રો, પરિવારજનો અને કોમ્યુનીટીના સદસ્યોને પ્રભાવિત કરવા માટે એક સમુહમાં કામ કરશે. અંતમાં લિંગભાવ આધારિત હિંસા અને ભેદભાવથી મુકત સમાજ ઉભો કરવા માટે મોટું યોગદાન આપી શકે. ફાઉન્ડેશન કોર્સથી લિંગ આધારિત હિંસા અને ભેદભાવના પરિબળો સમજાય તથા નિર્ણાયક વિચારસરણી વિકસાવવા માટે છે. જેથી તેઓ જયારે તેમના પરિવારો અને સમુદાયોમાં તેનો સામનો કરે ત્યારે તેઓ તેને ઓળખી શકે અને પડકારવામાં સક્ષમ બને.

એકશન અને લીડરશીપ કોર્ષ લિંગ–આધારિત હિંસા અને ભેદભાવ, તેમજ તેમના પરિવારોમાં, મિત્ર જુથોમાં અને તેમના સમુદાયોમાં કાર્ય કરવા પ્રોત્સાહિત કરે છે.

છેલ્લા ત્રણ વર્ષમાં ફાઉન્ડેશનમાં ૫૭૧ છોકરાઓએ ભાગ લીધો છે. એકશન અને લીડરશીપમાં ૧૩૪ યુવાન છોકરાઓ જોડાયા હતા.



**સિધ્ધિની સીડી ચડવા માટે સાહસ એ પ્રથમ પગથિયું છે.**

## બીજ પસંદગી અને બીજ માવજત

કેન્દ્ર કોટન કનેકટના સહયોગથી કપાસ પકવતા ખેડૂતો સાથે ગીર સોમનાથ અને અમરેલી જીલ્લાના શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રએ ૨૫ થી ૪૦ ખેડુતોના જુથો બનાવેલ છે તેમાં યદનવ ૨૭ પ્રોડયુસર યુનિટમાં ૧૨૧ નંબરના ગૃપમાં ૧૯ માં ક્રમે હું નોંધાયેલ છુ. દર મહીને એલજી મિટિંગમાં ખેતી લક્ષી માહિતીનું આદાન પ્રદાન કરીએ. જમીન તૈયારી અને બીજ પસંદગીની મે ૫ તાલીમ લીધી. જેમાં કપાસની અલગ અલગ જાતોનું વિશ્લેષણ કરવામાં આવેલ જેના આધારે ચાર્ટ બનાવી તાલીમમાં આ બાબતે સમજ આપવામાં આવી હતી. સાથે સાથે આ વિસ્તારમાં કઈ કપાસની જાતો અનુકુળ આવે છે, જેમાં ટૂંકા ગાળા, વહેલી પાકતી જાત, રોગ–જીવાત પ્રતિકારક, પિયત– બિન પિયત જેવી જાતોની માહિતી આપવામાં આવી હતી. તેમાંથી સારૂં ઉત્પાદન અને રોગ–જીવાત સામે પ્રતિકારક જાતોનું વાવેતર કરતા થયા છીએ.

જમીન તૈયારી બાદ ચાસ પાડતી વખતે પાયાના ખાતરો જમીનમાં આપી દેવામાં આવે છે. તેમજ ૪ ફૂટના અંતરે ચાસ પાડવામાં આવે છે. ૧ થી ૧.૫ ફૂટના લાકડીના ટુકડાથી અંતર જાળવવામાં આવે છે. જૂન માસમાં વરસાદની સંભાવનાઓ હોય ત્યારે જ બીજ રોપણી કરવામાં આવે છે. જો વરસાદની ખેંચ પડે તો ચાસ પલાળીને વાવેતર કરવામાં આવે છે.

આમ, ભલામણ મુજબ કપાસનું ટુંકા અંતરે વાવેતર સારા બિયારણ પસંદ કરવા અને તેને આપવાની માવજત વિશે સંસ્થાના કાર્યકરો દ્વારા અપાતી માહિતી ખુબજ ઉપયોગી નીવડે છે.

– રાજુભાઈ કાળુભાઈ
ગુજ્જર એલજી લીડર




**મને મળી નિષ્ફળતા અનેક તેથી થયો સફળ કૈંક હું જિંદગીમાં.**

## જમીન માવજત

મારી પાસે ૬ વીઘા જમીન છે. મને ખેતીમાં નવું નવું જાણવાનો ખુબ રસ હોય હું અમારા ગામમાં શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા ચાલતા બીસીઆઈ કાર્યક્રમમાં જોડાતા જાણવા મળ્યું કે, આડેધડ રાસાયણિક ખાતરનો વપરાશ તેમજ સેન્દ્રીય ખાતરના ઓછા ઉપયોગને કારણે જમીનનું પ્રત ખરાબ થવાથી ફળદ્રુપતા ઘટી. આથી મેં સંસ્થાના કાર્યકર દ્વારા મારા ખેતરની માટીનું પરીક્ષણ કરાવ્યું. તેના રિપોર્ટ પરથી મને ખ્યાલ આવ્યો કે મારી જમીનની તંદુરસ્તી બગડી છે. ભલામણ અનુસાર સેન્દ્રિય ખાતર તથા વીઘે ૧૦ કિગ્રા ડીએપી નાખ્યું.(પહેલા મગફળીમાં વીઘે ૨૦ થી ૨૫ કિગ્રા ઘઉમાં ૫૦ કિગ્રા વપરાશ કરતો) આ પરિક્ષણને હિસાબે ખેતીમાં કરવામાં આવતા તેમજ પાકમાં કેટલું ખાતર આપવું તેમજ મારી જમીનની ફળદ્રુપતાનો સાચો ખ્યાલ મને આવ્યો.

મારી દ્રષ્ટીએ જમીન ચકાસણી રીપોર્ટ એ જમીનની કુંડળી છે. જેવી રીતે આપણે આપણા શરીરનું લોહી/ પેશાબનું પરીક્ષણ કરાવીએ તેમ આપણી જમીનનું પરિક્ષણ કરવાથી આપણી જમીનની તંદુરસ્તીનો સાચો ખ્યાલ આવી શકે અને આપણે આપણી જમીનને બંજર થતી અટકાવી શકીએ. સંસ્થાના કાર્યકરો દર વર્ષે ફેબ્રુઆરી/ માર્ચ મહિનામાં જમીનના નમુના લેતા હોય છે. પરંતુ હું ત્યાં સુધી કહીશ કે ખેડુત જાતેજ પોતાની જમીનનું પરીક્ષણ કરાવી ખોટા ખર્ચ ઘટાડી જમીનની ફળદ્રુપતા જાળવવા ઉત્સાહી થવું જોઈએ.

– ભાણભાઈ બચુભાઈ ગોહિલ (સનખડા)



**જેને હારવનો ડર છે તેની હાર નિશ્ચિત છે.**

## જન્મ દિવસની શુભકામનાઓ

| | |
|---|---|
| Pankaj Sarvaiya | 04.05.1993 |
| Pushpaben Gohil | 08.05.1968 |
| Chaku Sankhat | 08.05.2001 |
| Sachin Vadhvana | 11.05.1999 |
| Nayan Gandhi | 15.05.1965 |
| Krunal Nasit | 26.05.1993 |
| Pankaj Parmar | 28.05.1995 |

**પ્રિય વાચક મિત્રો,**

આપની આસપાસ બનતી ઘટનાઓ બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. આ પ્રવૃતિઓ માટે નાણાકીય સહયોગ કરી શકો છો અને નાણાકીય સહયોગ ઓનલાઈન વેબસાઈટ https://sskkamreli.org/ પર જવા વિનંતી છે.

## ખેડુત મિત્રો,

નીચેના પ્રશ્નોના જવાબ અમને નીચેના વોટસએપ નંબર ૬૩૫૬૩ ૫૨૮૨૮ ઉપર લખીને કે બોલીને જણાવવા વિનંતી છે.

૧. શું તમે ખેતી પધ્ધતિ બદલાવવા માંગો છો?
૨. પ્રાકૃતિક ખેતી બાબતે જાણો છો?
૩. ખેતી ફાયદાકારક છે કે નુકશાનકારક છે?
૪. આંતરપાક કરો છો?
૫. તમારી પાસે બળદ છે? તમારી પાસે ગાય છે?
   તમારી પાસે કુલ કેટલા પશુ છે?
૬. જંતુનાશકોની જાણકારી ધરાવો છો?
૭. શું તમે પાણી બચાવવા પ્રયત્નો કરો છો?
૮. તમે ખેત તલાવડી બનાવવા ઈચ્છો છો?
૯. શું તમે દેશી ખાતર વાવો છો? વીઘે કેટલુ?

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Regi. No. AMR/91/2021-23
Valid Upto 31/12/2023

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

**ટપક કાર્યાલય :**
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**ચારિત્ર્યનો પાયો સત્કર્મ છે અને સત્કર્મનો પાયો સત્ય છે.**